# શ્રીમદ્બુદ્ધિસાગરસૂરિશ્વરનું પ્રદાન: એક ઐતિહાસિક અધ્યયન

**પ્રસ્તુતકર્તા**

**પટેલ રાકેશકુમાર. એસ**

**એમ.એ, બી.એડ, એમ,ફિલ,(ઈતિહાસ)**

**શિક્ષક કસ્તુરબા પ્રા. કન્યાશાળા નં – ૧,**

**માણસા, જિ-ગાંધીનગર.**

---

**પ્રસ્તાવના-**

વડોદરા રાજ્યનાં કડી પ્રાંતનાં વિજાપુર પરગણાંમાં પ્રજાવત્સલ રાજવી મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજાના સમકાલીન શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય શ્રીમદ્બુદ્ધિસાગરસૂરિશ્વરજીનો જન્મ વિ.સં.૧૯૩૦(ઈ.સ.૧૮૭૪)માં કણબી(પાટીદાર) કોમમાં થયો હતો. તેમનું નામ બહેચરદાસ પટેલ હતું. તેમના પિતાનું શિવાભાઈ તથા માતાનું નામ અંબાબેન હતું. બાળપણથી જ તેજસ્વી અને ઉચ્ચ વિચારો ધરાવનાર બહેચરદાસ પોતાના કર્મો થકી બહેચરમાંથી બુદ્ધિસાગરસૂરિશ્વર બન્યા. તેઓ જૈન ધર્મનાં પ્રખર આચાર્ય હતા. તેઓશ્રી ધર્મની સાથે-સાથે સમાજ તથા સંસ્કૃતિનાં મહાચિંતક તેમજ સુધારક હતા. તેમણે તેમનું સમગ્ર જીવન ધર્મ અને માનવજાતના કલ્યાણમાટે ખર્ચી નાંખ્યું. અંધશ્રધ્ધા,અજ્ઞાનતા, વહેમો, કુરિવાજો, શિક્ષણ વગેરે જેવી બાબતોમાં લોકોને જાગૃત કર્યા. તેમનાં વિચારો ઉચ્ચકોટિના હતા. તેમણે ધાર્મિક ભેદભાવ વિના સાચા અર્થમાં લોકકલ્યાણના ખ્યાલને ઉજાગર કર્યો હતો. તેમના કરેલા કાર્યો તથા તેમના માર્ગદર્શનથી સ્થપાયેલી કેટલીએ સંસ્થાઓ આજે લોકકલ્યાણના કાર્યો કરે છે. શ્રીમદ્બુદ્ધિસાગર મહારાજે કરેલા લોકઉપયોગી કામો તથા તેમના માર્ગદર્શનથી જે કાર્યો થયા તે ખરેખર ઉચ્ચકોટિના કહી શકાય. તેમણે તેમના જીવનનો મહત્તમ સમયનો ઉપયોગ સમાજનાં લોકોને જાગૃતકરવા માટે ખર્ચી નાંખ્યો. તેમના સુધારાવાદી વિચારોની છાપ તેમણે રચેલા સાહિત્યોમાંથી છલકાય છે. તેમણે ઈતિહાસ, તત્વજ્ઞાન, ધર્મ, ભજનસંગ્રહો, તુલનાત્મકલેખો, જીવનવૃત્તાંતો, ગદ્ય તથા પદ્યમાં રચેલાં સહિત્યો, શોધપત્રો વગેરે જેવાં મૂલ્યવાન

ગ્રંથોની રચના કરી હતી. અહીં આ મહાન કર્મયોગીએ સમાજને આપેલા યોગદાનને ઐતિહાસિક દ્રષ્ટિએ ઉજાગર કરવાનો પ્રયાસ કરેલો છે.

**સામાજિક ક્ષેત્રે પ્રદાન-**

શ્રીમદ્‌બુદ્ધિસાગર મહારાજ જૈનાચાર્ય હોવા છતાં તેમનામાં એક સુધારક સંત પુરુષના દર્શન થાય છે. તેમને સમાજ સુધારક એટલા માટે કહી શકાય કે તેમનાં પ્રવચનો, કાર્યો, તથા સાહિત્યમાં એક સુધારકની છાપ ઉપસી આવતી હતી. સમાજમાં પ્રચલિત આડંબરોને કેવી રીતે દૂર કરવા તથા તેને કેવી રીતે દૂર કરી શકાય તે તેમના સાહિત્યમાં નજરે પડે છે. ચોતરફ અંધશ્રધ્ધા,વહેમો અને અજ્ઞાનતામાં પ્રજાને ડૂબેલી જોઈ ભૂત-પ્રેત, ભુવાઓના ઢોંગ-ધતીંગ ખૂબ જોર પકડતા જતા હતા. આવી પરિસ્થિતિમાંથી લોકોને ઉગારવા માટે મહુડી ગામમાં શ્રી પદ્મપ્રભુજીનાં મંદીરનાં પ્રાંગણમાં શ્રી અરિહંત પરમાત્માના અનન્ય ઉપાસક સમ્યકદ્રષ્ટિ શાસન રક્ષક પરમવીર ઘંટાકર્ણ મહાવીર દેવની પ્રભાવિત મૂર્તિની સ્થાપના કરી. અહીં સુખડી ધરાવવાની પ્રથા છે. અહીંની સુખડી પ્રખ્યાત છે તથા અહીં કાળીચૌદશનાં રોજ હવન કરવામાં આવે છે. વર્ષમાં માત્ર એક જ વાર પૂજન વિધી કરવામાં આવે છે. તમામ જ્ઞાતિ, ધર્મનાં લોકો દર્શન કરવા આવે છે. આજે આ સ્થળ ગુજરાતનું પર્યટન સ્થળ બની ગયું છે. આ મંદિરની સ્થાપનાનો હેતુ તમામ લોકોને જોડવાનો તથા ધર્મના પાખંડોથી પ્રજાને બચાવવાનો હતો. આવી દિર્ઘદ્રષ્ટિ ગુરૂદેવ ધરાવતા હતા.[૧] સમાજમાં કન્યાવિક્રયની પ્રથા જોરમાં હતી તેને બંધ કરવા માટે તેમણે પ્રવચનો આપ્યા તથા આ પ્રથાને બંધ કરાવવા માટે અને લોકોને જાગૃત કરવા માટે 'કન્યાવિક્રય નિષેધ' પુસ્તક લખ્યું જે વાંચીને લોકોએ ગામોમાં ઠરાવ કરીને કન્યાવિક્રય પર નિષેધ મુક્યો હતો. દારૂ વગેરે છોડાવવા માટે પણ તેમણે લોકોને હાકલ કરી હતી.[૨] મહારાજશ્રીએ તેમના પુસ્તક વિજાપુર વૃત્તાંતમાં પણ દારુના પીઠા વિશે ઉલ્લેખ કરેલો હતો. જેમાં તેમણે જણાવ્યું છે કે "નાકના ઉપર ચાઠું હોવાથી જેમ મુખ શોભતું નથી તેમ વિજાપુરમાં સ્ટેશનથી પ્રવેશ કરતાં પહેલી દારૂના પીઠાની હવેલી આવે છે તેથી વિજાપુરની શોભા ઘટી જાય છે."[૩] તેમણે તેમના આ ગ્રંથમાં વિજાપુરનાં લોકોની સારી-નરસી બાબતોનો ઉલ્લેખ કરેલો હતો. જેમાં તેમણે બાળવિવાહ, બાળમજૂરી, કન્યાવિક્રય તથા શિક્ષણની ઉપયોગીતા જેવી બાબતોની નોંધ કરેલી છે, જે તેમના સુધારકવાદને ઉજાગર કરે છે. તેમણે તમામ કોમોનો ઉલ્લેખ કરી તેમના આ ગ્રંથમાં તે કોમોની સારી-નરસી બાબતો અને ટકોર કરેલી હતી. જે બાબત એક સુધારક જ ઉજાગર કરી શકે છે.

આમ, ગુરૂમહારાજે તેમના સાહિત્ય અને પ્રવચનોનાં માધ્યમથી સમાજના લોકોને જાગૃત કરવામાટેનાં પ્રયાસો કરેલા હતા. જે તેમની સુધારાવાદી છાપને ઉપસાવે છે.

**સાહિત્યીક ક્ષેત્રે પ્રદાન-**

શાસ્ત્રવિશારદ શ્રીમદ્‌બુદ્ધિસાગરસૂરિશ્વરજીએ સાહિત્ય ક્ષેત્રે મહત્વપુર્ણ કાર્ય કરેલ હતું. તેમનાં સાહિત્યમાં તેમની એક ક્રાંતીકારી વિચારકની ઝલક દેખાતી હતી. તેમણે સો થી પણ વધુ ગ્રંથોની રચના કરેલી હતી. તેમના સાહિત્યોમાં ૨૨ જેટલા સંસ્કૃત ભાષામાં, એક પુસ્તક કુમારપાળ હિન્દીમાં રચેલું હતુ. ગુજરાતી ભાષામાં પણ ઘણાં બધા ગ્રંથોની તેમણે રચના કરેલી હતી. તેમણે ગદ્ય લેખક તરીકે ઈતિહાસ, તત્વજ્ઞાન, વિવેચન, જીવનચરિત્ર, પત્રો, નિબંધ, અધ્યાત્મજ્ઞાન, સંવાદ વગેરે ઘણા વિષયોને આવરી લીધા હતા. પદ્ય સાહિત્યમાં ૧૨ ભજન સંગ્રહો લખ્યાં હતા. એમાં ૨૪ વિહરમાન વીસી, ભવિષ્યવાણી તથા અઢળક વિષયો પર ભજનો અને કાવ્યો રચ્યાં હતા. ભજનો ઉપરાંત ગહુલીઓ, વાસ્તુપૂજા, રાષ્ટ્રગીતો, અવળી વાણી, સૃષ્ટિ સૌંદર્યના કાવ્યો, બારાક્ષરીનાં એક-એક અક્ષર પર કવિતા રચી હતી.[૪] તેમણે પોતાના ભક્તોને ઉદ્દેશીને જે પત્રો લખ્યા એ તેમની ઉપદેશ આપવાની આગવી શૈલીજ હતી, જે ‘પત્ર સદ્‌ઉપદેશ’ અને ‘તીર્થ યાત્રાનું વિજ્ઞાન’માં સંગ્રહિત કરવામાં આવેલા છે. તેમણે રચેલા ઘણાં ગ્રંથો સુશ્રાવકોને અર્પણ કરેલા હતા.[૫] એકવાર ગુરૂદેવને સાંભળવામાં આવ્યું કે કોઈ સાધુએ ૧૦૮ શિષ્યો બનાવવાની પ્રતિજ્ઞા લીધી છે. આ સાંભળ્યા પછી ગુરૂદેવને પણ પોતાની પરંપરા જાળવી રાખે તેવા અમર વારસદાર બનાવવાની આકાંક્ષા જાગી, જે ભાગી ન જાય, ગુરૂનું નામ લજવે નહિ અને હંમેશા સર્વનું ભલુંજ કરે. એ માટે તેઓ ૧૦૮ ગ્રંથો રચવાનું નક્કી કરે છે, જે એમનાં પછી લોકોને ઉપદેશ આપવાનું કાર્ય કરે.[૬] આવી ઉચ્ચ વિચારસરણી તેઓ ધરાવતા હતા. ખ્રિસ્તી ધર્માવલંબીઓએ જૈન ધર્મ પર અણછાજતી ટીકાઓ વાળું પુસ્તક છપાવ્યું હતું, જેનાં પ્રતિ ઉત્તરમાં મહારાજ સાહેબે પ્રથમવાર કલમ ઉપાડી વળતો જવાબ તૈયાર કરતું પુસ્તક લખ્યું જેનું નામ –જૈન ખ્રિસ્તી સંવાદ રાખવામાં આવ્યું.[૭] તેમણે અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળની સ્થાપના માણસામાં કરાવી હતી. ગામના ઠાકોરશ્રી તખ્તસિંહજી રાઓલ તરફથી સહાય મળી હતી. મહાનુભાવો પાસેથી ફંડ એકઠુ કરીને ગુરૂદેવ દ્વારા રચેલા ગ્રંથો હંમેશા પ્રગટ થતાં રહે તે આ મંડળનો હેતું હતો.[૮] આજે પણ આ મંડળ મહુડી સંઘની સાથે રહીને એની સંપૂર્ણ ફરજ બજાવે છે.

મહારાજશ્રીએ તેમના ચાતુર્માસનાં સમય દરમિયાન ઘણાં ખરાં ગ્રંથોની રચના કરેલી હતી. તેમણે રચેલા કેટલાક મહત્વના ગ્રંથો આ પ્રમાણે હતા. અધ્યાત્મ વ્યાખ્યાનમાળ, ભજનસંગ્રહો ભાગ-૧ થી ભાગ-૧૧ જેનાં ૧૧ પુસ્તકો, સમાધિશતકમ, અનુભવપચ્ચિશી, આત્મપ્રદિપ, પરમાત્મદર્શન, પરમાત્મજ્યોતિ, તત્ત્વબિંદુ, ગુણાનુરાગ, તીર્થયાત્રાનું વિમાન , અધ્યાત્મભજનસંગ્રહ, ગુરૂબોધ,

તત્ત્વજ્ઞાનદીપિકા, ગહુંલીસંગ્રહ ભાગ-૧, ૨, શ્રાવકધર્મસ્વરૂપ ભાગ-૧, ૨, વચનામૃત, યોગદીપક, જૈન ઐતિહાસિક રાસમાળા, કાવ્યસંગ્રહો, જૈનધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ, કુમારપાલ (હિન્દી), વિજાપુરવૃત્તાંત, જૈન ધાતુ પ્રતિમા લેખ સંગ્રહ ભાગ-૧, ૨, મિત્રમૈત્રી, શિષ્યોપનિષદ, જૈનોપનિષદ, સાબરમતી કાવ્ય, લાલા લજપતરાય અને જૈન ધર્મ, ગુજરાત વિજાપુર બૃહદ્ વૃત્તાંત વગેરે જેવા ગ્રંથોની રચના મહારાજશ્રીએ કરેલી હતી. આને આ તમામ પુસ્તકો ઐતિહાસિક દ્રષ્ટિએ ખુબજ મહત્વના ઘણી શકાય તેમ છે. આ ઉપરાંત મહારાજશ્રીએ શોધપત્રો પણ રચેલા હતા, વડોદરામાં ગુજરાતી સાહિત્ય સંમેલન પરિષદ યોજાવાની હતી જેમાં તેમણે ઉપાધ્યાય શ્રી યશોવિજયનું જીવન એ વિષય પર એક નિબંધ લખી મોકલાવ્યો જે શ્રી ત્રિભોવનભાઈ દલપતભાઈએ વાંચી સંભળાવ્યો.[૧૦] આમ, મહારાજશ્રીએ સાહિત્યનાક્ષેત્રમાં અમૂલ્ય ભેટ લોકોને આપેલી છે. તેમણે રચેલું પુસ્તક જૈન ધાતુ પ્રતિમા લેખ ઈતિહાસના અભ્યાસુઓ માટે મૂલ્યવાન હતું.

**ધાર્મિક ક્ષેત્રે પ્રદાન-**

શ્રીમદ્બુદ્ધિસાગર મહારાજ કોઈ જાત પાત કે ધર્મના સંકુચિત વાડામાં માનતા નહિ. તેમને મન ધર્મ એટલે પ્રભુભક્તિ, સત્યવચન અને શુદ્ધ આચરણ કરવું, શુકલતીર્થમાં તેમણે ઓમકારનાથ મહાદેવનાં મંદિરની લીધી હતી તથા ત્યાંના બ્રાહ્મણોને ઉપદેશ આપ્યો.[૧૧] એકવાર વિજાપુર આવતા રસ્તામાં તેઓશ્રી બોરિયા મહાદેવના પ્રસિદ્ધ સ્થળે આવ્યાં અહીંના યોગી સદાશીવ સરસ્વતી યોગવિદ્યાના મોટા સાધક હતા. મહારાજે તેમની સાથે પ્રાણાયામ, ધ્યાન, હઠયોગ, હીપ્નોટીઝમ, મેસ્મેરીઝમ વગેરે જેવી સાધના કરી.[૧૨] તેમણે જાહેરમાં ભાષણ આપવાની શરૂઆત સુરત શહેરથી કરી હતી. જેમાં પ્રાચીન મંદીરોની જાળવણીમાટે લોકોને ઉપદેશ આપીને જીર્ણોધ્ધારનું કાયમી ફંડ ઉભું કરાવ્યું હતું.આમ, દિક્ષા લીધા પછી તરતજ તેમણે ધર્મપ્રચાર અને ધર્મરક્ષણના કાર્યની શરુઆત કરાવી.[૧૩] મહારાજશ્રીને મળવા ઘણાં સાધુ સંતો આવતા હતા. જેમાં મહાત્મા સરજુદાસજી અને સ્વામીનારાયણના બાલમુકુંદજી મુખ્ય હતા. આર્યસમાજનાં વિદ્વાનો સાથે મૂર્તિપૂજા સંબંધી પણ ચર્ચાઓ કરતા. તેઓ દરેક સંપ્રદાયના લોકો સાથે આત્મીયતા કેળવીને તેમની પાસેથી સારી વસ્તુઓ ગ્રહણ કરતા.[૧૪] મહારાજશ્રીની ધાર્મિક સદભાવનાનું પ્રમાણ તેમના સ્વર્ગવાસ દરમિયાન જોઈ શકાય તેમ હતુ. તેમના સ્વર્ગવાસ સમયે અનેક લોકો તેમના અંતિમ દર્શન કરવા માટે આવ્યા હતા. જેમાં હિંદુ, મુસલમાન ધર્મનાં લોકો પણ વિષાદ કરતા હતા. જે બાબત તેમની ધર્મના ક્ષેત્રની સદભાવનાનાં દર્શન કરાવતી હતી. ગુજરાતના મહાકવિ નાનાલાલ દલપતરામે મહારાજના અવસાનના સમાચાર

સંભાળીને પત્ર લખ્યો હતો જેમાં તેમણે ગુરુજીને અંજલી આપતી કવિતા લખેલી હતી જે કઈક આ પ્રમાણે હતી;

મળે જો જતિ સતિ રે કોઈ સાહેબને દરબાર

ધીંગાધોરી ભારખમાં

સદ્ધર્મ તણા શણગાર

પુન્ય પાપના પરખંદા

કાઈ બ્રહ્મ-

આંખલડી અનભોમાં રમતી

ઉછળે ઉરનાપુર

સતચિત આનંદે ખેલંદા

ધર્મ ધુરંધર શૂર

મળે જો જતિ સતિ રે

કોઈ આહલેકના દરબાર[૧૫]

આમ, ધાર્મિક ક્ષેત્રે મહારાજશ્રીએ જે યોગદાન આપેલું હતું તે અવિસ્મરણીય ગણી શકાય.

**શિક્ષણ ક્ષેત્રે પ્રદાન –**

શ્રીમદ્બુદ્ધિસાગરસૂરિજી શિક્ષણના હિમાયતી હતા. તેમણે ઠેર-ઠેર આપેલા તેમના પ્રવચનો તથા તેમણે લખેલા ગ્રંથોમાં શિક્ષણની વાત ઉપર ભાર મુકતા હતા. તેમનો દીક્ષા પર્યાય માત્ર ૨૫ વર્ષનો હતો. આ સમયમાં તેમણે અનેક જગ્યાએ હાઈસ્કૂલો, પાઠશાળા, લાઈબ્રેરી, હરિજનો માટે શાળા, ગુરુકુળો વગેરેની સ્થાપના કરાવી હતી. પાલીતાણાના યશોવિજય ગુરુકુળનો પુનરોધ્ધાર કરાવ્યો. તેમજ અમદાવાદની શેઠ લલ્લુરાયજી બોર્ડીંગ માટે પણ મુખ્ય પ્રેરણા આપી હતી.[૧૬] મુંબઈ ચાતુર્માસ માટે પ્રયાણ કરતી વખતે રસ્તામાં તેઓ વલસાડ, પારડી, વાપી, દમણ, અગાશી થઈને ભાયખલાથી મુંબઈમાં તા-૧૩/૦૨/૧૯૧૧ના શુભદિને મુંબઈમાં પ્રવેશ કર્યો. મુંબઈ પ્રયાણ દરમિયાન રસ્તામાં આવતા દરેક ગામમાં તેમની અખંડ સ્મૃતિમાટે પાઠશાળા, જ્ઞાનભંડારની સ્થાપના થઈ હતી.[૧૭] આમ શિક્ષિત સમાજની અપેક્ષા રાખનાર આ મહામાનવ ધર્મની સાથે-સાથે વિદ્યાની સુઝ પણ લોકોને આપતા હતા.

**સમાપન –**

આમ, આચાર્યશ્રી બુદ્ધિસાગર સુરીશ્વરજી જૈન ધર્મના એક મહાન શાસ્ત્રવીશારદ અને યોગનિષ્ઠ આચાર્ય હતા. તેઓ કવિ, તત્વજ્ઞાની, વક્તા, લેખક, વિદ્વાન, યોગી અને અવધૂત હતા. એમની જીવનદ્રષ્ટિ સારગ્રાહી અને ગુણાનુરાગી હતી. તેઓ પોતાના ઉપદેશ આચરણ અને લેખન દ્વારા વિતારાગપંથનું પ્રતિપાદન કરતા. એમને લગભગ ૧૨૫ જેટલા વિવેચનાત્મક કે સંપાદિત ગદ્ય અને પદ્યાત્મક તેમજ સંસ્કૃત ભાષામાં ગ્રંથો લખ્યા છે. સમાજજીવનમાં ગાંધીજીના રાજદ્વારી વિચારોની છાપ તેમના સાહિત્યમાં જોવા મળે છે.[૧૮] અમદાવાદમાં તેઓ (વિ.સં.૧૯૬૨) ધર્મપ્રવૃત્તિ સાથે રાષ્ટ્ર ઉત્થાનની પ્રવૃત્તિ પણ કરતા. તે સમયના શ્રેષ્ઠીઓ લાલભાઈ, મણીભાઈ, જગતભાઈ, હઠીસિંગ શેઠાણી, ગંગાબેન વગેરેને પૂજ્યશ્રી શાસ્ત્રોક્ત માર્ગદર્શન આપતા. અહી તેમણે પંજાબ કેસરી લાલા લજપતરાયને દેશહિતના કાર્યો કરવાનો ઉપદેશ આપ્યો. તથા બ્રિટીશ સરકાર જે સમેત શિખર પર કતલખાનું ચાલુ કરવાનો વિચાર કરતી હતી. તેનો કોંગ્રેસ પક્ષ જોર-શોરથી વિરોધ કરે એમ સલાહ આપી. ગુજરાતી સાહિત્ય જગતની વિરલ વિભૂતિઓ ડૉ.આનંદશંકર ધ્રુવ, કેશવલાલ ધ્રુવ, મહાકવિ નાનાલાલ વગેરે તેમની સાથે ચર્ચાઓ કરતા.[૧૯] તેમના જીવનની સંયમયાત્રાનો સમય ૨૪વર્ષ જેટલો હતો. તેમણે યોગસાધના, સાહિત્યસર્જન અને સમાજસેવાના કાર્યો કર્યા હતા. પ્રાંતિજ અને વિજાપુરમાં હરિજનનાં બાળકોમાટે શાળાઓ બનાવરાવી હતી. વિજાપુરમાં તેમનાં અગ્નિસંસ્કારના સ્થાને તેમના પરિવારના ગચ્છાધિપતિ સુબોધસાગર સુરીશ્વરજીએ બનાવેલ સમાધિ મંદિર આ મહાન પુરૂષનાં પુનિત સ્મરણોને સંઘરી રહ્યું છે.[૨૦] શ્રીમદ્ બુદ્ધિસાગર સુરીશ્વર સંતની સાથે-સાથે એક ઉચ્ચ શ્રેણીના વિચારક પણ હતા. તેમણે આપેલા પ્રવચનોને જો વર્તમાન સમયમાં આત્મસાત કરવામાં આવે તો જીવનની તમામ સમસ્યાઓનો અંત આવી જાય.

## પાદનોંધ

૧.કલાધર ચીમનલાલ, શ્રીમદ્બુદ્ધિસાગર સૂરિશ્વરજી મહારાજ સાહેબનું સંક્ષિપ્ત જીવન કવન, પ્રકાશક શ્રી મહુડી(મધુપુરી) જૈન શ્વેતાબંર મુર્તિપૂજક ટ્રસ્ટ(ઉ.ગુ), પ્રથમ આવૃત્તિ, વિ.સં.૨૦૫૬, પેજ-૧૭

૨.એજન પેજ-૧૯,૨૦

૩.શ્રીમદ્બુદ્ધિસાગર સૂરિશ્વરજી, ગુજરાત વિજાપુર(વિદ્યાપુર) બૃહદ્વૃત્તાંત, પ્રકાશક શ્રી અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ, ૧૯૨૫,મુંબઈ, પેજ-૩૫

**૪.**પુર્વોક્ત (૧) પેજ-૨૧

**પ.**એજન પેજ-૨૨

**૬.**એજન પેજ-૧૩

**૭.**એજન પેજ-૧૦

**૮.**એજન પેજ-૧૩

**૯.**પુર્વોક્ત (૩) પેજ-૩૫,૩૬,૩૭,૩૮

**૧૦.** પુર્વોક્ત (૧) પેજ-૧૬

**૧૧.** એજન પેજ-૧૩

**૧૨.** એજન પેજ-૧૧

**૧૩.** એજન પેજ-૧૦

**૧૪.** એજન પેજ-૧૨,૧૩

**૧૫.**શ્રીમદ્દબુદ્ધિસાગર સ્મારક ગ્રંથ, પ્રકાશક શ્રીઅધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ,૧૯૨૬, પેજ-૪

**૧૬.** પુર્વોક્ત (૧) પેજ-૧૯,૨૦

**૧૭.** એજન પેજ-૧૪,૧૫

**૧૮.**શાસ્ત્રી હરિપ્રસાદ ગં., પરીખ પ્રવીણચંદ્ર ચિ., ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-૯, પ્રકાશક ભો.જે.વિદ્યાભવન, ગુર્જર પ્રકાશન, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૭,અમદાવાદ, પેજ-૩૫૪

**૧૯.** પુર્વોક્ત (૧) પેજ-૧૨,૧૩

**૨૦.**ભટ્ટ દોલતભાઈ, ધરતીનો ધબકાર, ગુજરાત સમાચાર, રવિપૂર્તિ,તા-૧૫/૦૬/૨૦૧૪, પેજ-૧૨